**અગત્યનો પરિપત્ર**

**સામાન્ય/વ્યવસાયલક્ષી/ઉ.ઉ.બુ. પ્રવાહ/**
**સંસ્કૃત મધ્યમા**
**પરિણામ બાદની કાર્યવાહી અંગે**

જા.નં. : મઉમશબ/ક/1/સામાન્ય/પરિણામ-2025/648
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર
માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-10/બી, જૂના સચિવાલય પાસે, ગાંધીનગર
તા. 17/07/2025

**પ્રતિ,**
**આચાર્યશ્રી,**
**ઉચ્ચતર માધ્યમિક શાળા (તમામ)**
**ગુજરાત રાજ્ય**

**વિષય : ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પૂરક પરીક્ષા-2025 (સામાન્ય/વ્યવસાયલક્ષી/ઉ.ઉ.બુ. પ્રવાહ/ સંસ્કૃત મધ્યમા)ના પરિણામ બાદની કાર્યવાહી બાબત.**

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય અન્વયે જણાવવાનું કે, પૂરક પરીક્ષા-2025 ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા (સામાન્ય/વ્યવસાયલક્ષી/ ઉ.ઉ.બુ.પ્રવાહ / સંસ્કૃત મધ્યમા)ના પરિણામ બાદની કાર્યવાહી અંગે માર્ગદર્શન માટે જરૂરી સૂચનાઓ મોકલી આપવામાં આવે છે. જે અંગે શાળાના આચાર્યશ્રીએ પૂરતો અભ્યાસ કરી કાર્યવાહી કરવાની રહેશે.

આ સાથે ગુણ-ચકાસણી, દફતર ચકાસણી, ગુણતૂટ ન સ્વીકારવી, ઉત્તીર્ણ ઉમેદવારોએ મેળવેલ પરિણામ સુધારણા અને નામ સુધારા માટેના અરજીના નમૂના બોર્ડની વેબસાઈટ www.gseb.org પર મૂકવામાં આવેલ છે, જેની પ્રિન્ટ લઈને ઉપયોગ કરવાનો રહેશે. નિર્ધારિત સમય બાદ બોર્ડ કોઈપણ શાળા/વિદ્યાર્થીની અરજી સ્વીકારશે નહીં અને તેના પર કોઈ કાર્યવાહી કરવા બોર્ડ બંધનકર્તા રહેશે નહીં. વિદ્યાર્થીઓને પરિણામ બાબતની જાણ શાળાના આચાર્યશ્રીએ કરવાની રહેશે.

**સૂચનાઓ :**

1. **વેરીફિકેશન :** ઉમેદવારના ગુણપત્રકનું SR સાથે વેરીફિકેશન કર્યા બાદ જ વિતરણ કરવું.

2. **નામ-સુધારો :** આચાર્યએ વાલી/વિદ્યાર્થીને ગુણપત્રકમાં નામ (અંગ્રેજી સ્પેલિંગ) ચકાસી જવા ખાસ જણાવવું. નામમાં સુધારો કરવો જરૂરી હોય તો નામ સુધારો કરવા માટે સમયમર્યાદામાં અરજી કરવા જણાવવું. ધોરણ - 10 (S.S.C.)ની માર્કશીટ અથવા L.C. મુજબ વિદ્યાર્થીના નામમાં કોઈ સુધારો કરવો જરૂરી હોય તો આધાર પુરાવા સાથે નિયત અરજીપત્રકમાં પરિશિષ્ટ-2માં સમયમર્યાદામાં અરજી કરવા વિદ્યાર્થીને માર્ગદર્શન આપશો. પરિણામથી ત્રણ માસની સમયમર્યાદામાં મળેલ નામ સુધારા અરજી માટેના ઉમેદવારને જ બોર્ડ દ્વારા સુધારા સાથેનું મૂળ (Original) ગુણપત્રક-પ્રમાણપત્ર આપવામાં આવે છે. પરિણામના ત્રણ માસ બાદ નામ સુધારવા માટે અરજી કરનારને ડુપ્લીકેટ ગુણપત્રક-પ્રમાણપત્ર મળશે.

3. **ગુણ ચકાસણી :** ઉત્તરવહીનું વિષયશિક્ષકો પાસે ચકાસણી કરાવી વિદ્યાર્થીને બોર્ડ દ્વારા ફક્ત પ્રત્યુત્તર પાઠવવાની પ્રક્રિયા એટલે ગુણ-ચકાસણી. આ ગુણ-ચકાસણી તમામ વિષયમાં કરવામાં આવે છે. ગુણ-ચકાસણી એ પુન:મૂલ્યાંકન નથી. માત્ર ઉત્તરવહી પરના પ્રાપ્ત ગુણોની ચકાસણી છે જેની નોંધ લેવી.

ગુણ ચકાસણી માટેની અરજી ફક્ત બોર્ડની વેબસાઈટ www.gseb.org પર ઓનલાઇન સ્વીકારવામાં આવશે અને તે અંગેની નિયત ફી ઉક્ત વેબસાઈટ ઉપર ઓનલાઇન ફોર્મ ભરતી વખતે ઓનલાઈન ભરી શકાશે. કોઈ ઉમેદવારે ઓનલાઈન ફોર્મ અંગેના આધારો બોર્ડને મોકલવાના નથી.

4. **દફતર ચકાસણી :** ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાના વિનિયમો (સુધારેલા) 2005ના વિનિયમ 52ની જોગવાઈ મુજબ દફતર ચકાસણી કરાવવા ઇચ્છતા ઉમેદવારે નિયત અરજીપત્રકમાં આધારો સાથે પરિણામ પ્રસિદ્ધ થયાના બે અઠવાડિયા સુધીમાં (ફી વગર) બોર્ડની કચેરીને અરજી મોકલી આપવાની રહેશે.

   કોઈ વિષયમાં પરીક્ષા આપેલ હોવા છતાં ગેરહાજર દર્શાવેલ હોય અથવા જે વિષયમાં બેઠેલ હોય તેના બદલે અન્ય વિષયમાં ગુણ દર્શાવેલ હોય અથવા માર્કશીટના ગુણ શાળા રેકર્ડ (SR) ગુણ સાથે મળતા ન આવે અથવા 'XO' મુક્તિ અથવા 'AO' ગેરહાજરના કિસ્સામાં ત્રુટિ જોવા મળે તેવા કિસ્સામાં અથવા અન્ય કિસ્સાઓમાં દફતર ચકાસણીની અરજી કરવામાં આવે છે.

5. **Disabled ઉમેદવારો અંગે :** Disabled ઉમેદવારોને 20% ગુણથી પાસ કરવાના ધોરણનો વિશેષ લાભ માટે મળેલ રજૂઆતો પૈકી જે ઉમેદવારોએ આ અંગે પૂરતા આધારો સાથે રજૂઆત કરેલ છે, તેઓને લાભ આપવામાં આવેલ છે. આવા Disabled ઉમેદવારોના ગુણપત્રક તેઓને આપતા પહેલા ઉમેદવારના Handicapped/Disabled હોવાના અસલ પ્રમાણપત્રની ચકાસણી આચાર્યશ્રીએ કરી લેવી.

   Disabled અંગેના પ્રમાણપત્ર-આધાર પુરાવાની ખાતરી કર્યા સિવાય કોઈપણ Disabled ઉમેદવારને ગુણપત્રક-પ્રમાણપત્ર આપવું નહીં, જેની સમગ્ર જવાબદારી આચાર્યશ્રીની રહેશે.

   જો કોઈ ઉમેદવારને બોર્ડ દ્વારા Disabledનો વિશેષ લાભ આપવામાં આવેલ હોય, પરંતુ તેના Disabled અંગેના સિવિલ સર્જન/આર.એમ.ઓ.ના પ્રમાણપત્ર બાબતે સંશય કે શંકા હોય તો તેવા ઉમેદવારના ગુણપત્રક બોર્ડને પરત કરવા. (ઉમેદવારને આપવા નહીં.)

6. **સમકક્ષતા (Equivalents) પ્રમાણપત્ર મેળવવા બાબત/ માર્કશીટ L.C.ની ખરાઈ કરવા અંગે :**

   ધોરણ 11માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓની માર્કશીટ/L.C.ની જે તે બોર્ડ/સંસ્થા/શાળાની ખરાઈ કરવા તથા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર અથવા જિલ્લા શિક્ષણાધિકારી તરફથી ઈસ્યુ થતાં સમકક્ષતા પ્રમાણપત્ર મેળવવાની કાર્યવાહી આચાર્યશ્રીએ વિદ્યાર્થીને પ્રવેશ આપતી વખતે કરી લેવાની હોય છે. આ અંગેની સઘળી જવાબદારી આચાર્યશ્રીની રહેશે.

**અરજીઓ સ્વીકારવાની અંતિમ તારીખ**

| | | | | |
|---|---|---|---|---|
| 1. | ગુણ-ચકાસણી | ઓનલાઈન | રૂ. 100/- (ઉત્તરવહી દીઠ) તમામ વિષયો માટે અરજી કરી શકાશે. | પરિણામ જાહેર થયા બાદ વિગતવાર માહિતી બાર્ડની વેબસાઈટ પર મૂકવામાં આવશે. |
| 2. | દફ્તર ચકાસણી | પરિશિષ્ટ-1 | - | પરિણામ પ્રસિદ્ધ થયાના બે અઠવાડિયા સુધી રૂબરૂ સ્વીકારવામાં આવશે. |
| 3. | નામ/અટકમાં સુધારો | પરિશિષ્ટ-2 | | પરિણામ ઑનલાઈન પ્રસિદ્ધ થયાના ત્રણ માસમાં અરજી કરે તો ફી લેવામાં આવતી નથી અને અસલ ગુણપત્રક, પ્રમાણપત્ર આપવામાં આવશે. નિયત સમય મર્યાદા બાદ ડુપ્લીકેટ ગુણપત્રક/પ્રમાણપત્ર મળશે. |
| 4. | ગુણ-તૂટ ન સ્વીકારવા માટેનું અરજીપત્રક | પરિશિષ્ટ-5 | — | પરિણામ પ્રસિદ્ધ થયાના 30 દિવસ સુધી રૂબરૂ સ્વીકારવામાં આવશે. |
| 5. | ઉત્તીર્ણ ઉમેદવાર દ્વારા પરિણામ રદ કરાવી પુનઃઉપસ્થિત થવા ઈચ્છતા ઉમેદવારો માટેનું અરજીપત્રક | પરિશિષ્ટ-4 | — | HSC માર્ચ-2026 ઉપસ્થિત થવા ઈચ્છતા ઉમેદવારોએ 120 દિવસમાં અરજી રૂબરૂમાં બોર્ડની કચેરીએ જમા કરાવવાની રહેશે. |

**પત્ર વ્યવહારનું સરનામું :**
**શ્રી એન. કે. પટેલ**
**મદદનીશ સચિવ (સામાન્ય પ્રવાહ)**
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
10-B, જૂના સચિવાલયની બાજુમાં, ગાંધીનગર

**(તરૂલતાબેન પટેલ)**
નાયબ નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

**નકલ રવાના :**
પ્રતિ,
જિલ્લાશિક્ષણાધિકારીશ્રી
જિલ્લાશિક્ષણાધિકારીશ્રીની કચેરી (તમામ),
જાણ અને શાળાઓને જાણ કરવા સારુ.

**તમામ પ્રવાહ માટે**

# પરિશિષ્ટ-1

## દફતર ચકાસણીનું અરજીપત્રક

**જે તે વિષયની પરીક્ષા આપી હોવા છતાં ગેરહાજર અથવા જે વિષયમાં બેઠા હોય તેને બદલે અન્ય વિષયમાં ગુણ દર્શાવ્યા હોય અથવા 'XO' (મુક્તિ)ના બદલે 'AO' ગેરહાજર આવેલ હોય ત્યારે જ આ પત્રકમાં અરજી કરવી.**

(ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાના વિનિયમો (સુધારેલા) 2005ના વિનિયમ 52 અન્વયે અરજી પરિણામ જાહેર થયાની તારીખથી બે અઠવાડિયા સુધી (ફી વગર) બોર્ડની કચેરીએ સ્વીકારવામાં આવશે.)

પ્રતિ,
નાયબ નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર 10/બી, જૂના સચિવાલય પાસે, ગાંધીનગર.

શાળાક્રમાંક ☐☐☐☐☐
સ્થળ : ____________
તારીખ : ...../...../2025

**વિષય : પૂરક પરીક્ષા-2025 ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષામાં દફતર ચકાસણી કરવા બાબત.**

**મે. સાહેબ,**

સવિનય જણાવવાનું કે, મેં ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પૂરક પરીક્ષા-2025માં કેન્દ્ર ____________માં બેઠક નંબર ____________થી આપી હતી. તેમાં નીચે જણાવેલા વિષયોમાં મને ગેરહાજર દર્શાવવામાં આવ્યો છે, જ્યારે તે વિષયોની મેં ખરેખર પરીક્ષા આપી છે, મુક્તિ મળેલ છે. આ બાબતે યોગ્ય તપાસ કરવા વિનંતી છે. જરૂરી વિગતો નીચે પ્રમાણે છે :

1. ઉમેદવારનું પૂરેપૂરું નામ (અટક પ્રથમ) : ____________
2. ટપાલનું પૂરેપૂરું સરનામું : ____________

   ____________

   ____________ (STD CODE સહિત) ફોન નંબર : ____________

   E-mail Address ____________
3. બેઠક નં. : ____________
4. કેન્દ્રનું નામ અને કેન્દ્ર નંબર : ____________
5. જે વિષયોમાં પરીક્ષામાં હાજર હોવા છતાં ગેરહાજર બતાવવામાં આવ્યા હોય તે વિષયો :

| ક્રમ નંબર | વિષયનું નામ | જવાબની ભાષા | બ્લોક નંબર | શાળાની પૂર્વ-પરીક્ષામાં પ્રાપ્ત ગુણ | પ્રવેશિકા (ફી-રસીદ)માં દર્શાવેલ જવાબવહી નંબર |
|---|---|---|---|---|---|
| 1. | | | | | |
| 2. | | | | | |
| 3. | | | | | |
| 4. | | | | | |
| 5. | | | | | |

6. ઉમેદવારને પોતાના નિયત બ્લોક સિવાય અન્ય બ્લોકમાં બેસાડવામાં આવ્યા હોય, તો તે શાળાનું નામ અને બ્લોક નંબર ____________________

7. આ અરજી સાથે ઉમેદવારનું અસલ ગુણપત્રક જોડવાનું રહેશે. ફી-રસીદની શાળાના આચાર્યએ પ્રમાણિત કરેલ ઝેરોક્ષ નકલ સામેલ કરવી.

ઉમેદવારની સહી : ____________

(પ્રવેશિકા મુજબ)

આથી હું પ્રમાણિત કરું છું કે ઉપરોક્ત જણાવેલ વિગતોની મેં ચકાસણી કરી છે જે શાળાના દફતરની નોંધ મુજબ સાચી છે. ધોરણ 12ની પરીક્ષા માટેનો શાળાનો ઈન્ડેક્ષ નંબર : | | | | | |

જાવક નં. : ____________

તારીખ : ____/____/2025

સ્થળ : ____________

શાળાના આચાર્યની સહી તથા સિક્કો

ખાસ નોંધ : (1) આ ફોર્મ માત્ર નમૂનાનું છે, જરૂરી નકલો શાળાએ ઝેરોક્ષ કરાવી લેવી.

(2) અરજી સાથે ઉમેદવારની ફી રસીદની પ્રમાણિત ઝેરોક્ષ નકલ જોડવી અનિવાર્ય છે.

(3) ગુણપત્રકની અસલ અને પ્રમાણિત ઝેરોક્ષ નકલ જોડવી અનિવાર્ય છે.

(4) શાળાકીય પ્રાયોગિક પરીક્ષામાં ગેરહાજર દર્શાવેલ હોય તો શાળાએ બોર્ડને મોકલાવેલ ગુણપત્રકની વિગતો જોડવી.

# પરિશિષ્ટ-2

## ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાના પ્રમાણપત્ર/ગુણપત્રકમાં નામ/અટકમાં સુધારો કરવાની અરજીનો નમૂનો

શાળાક્રમાંક | | | | |

પ્રતિ,
નાયબ નિયામક (પરીક્ષા),
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

**વિષય : માર્ચ/જુલાઈ ________ ઉચ્ચતર માધ્યમિક પરીક્ષાના ગુણપત્રક/પ્રમાણપત્રમાં નામ/અટકમાં સુધારો કરવા બાબત.**

**બેઠક નંબર** | | | | | | | |

જય ભારત સહ જણાવવાનું કે, હું ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા માર્ચ/જુલાઈ ________ની પરીક્ષા મારા પ્રમાણપત્ર/ગુણપત્રકમાં નામ/અટકમાં સુધારો કરવા માટે અરજી કરું છું. મારું અસલ પ્રમાણપત્ર/ગુણપત્રક આ સાથે સામેલ છે.

(1) સુધારો કરવાની જરૂરી વિગત નીચે પ્રમાણે છે.

પ્રમાણપત્ર/ગુણપત્રકમાં જણાવેલી વિગતો (અંગ્રેજીમાં) — સુધારાની વિગત (અંગ્રેજીમાં)

અ. અટક (અંગ્રેજીમાં) : ____________________ ____________________

બ. નામ (અંગ્રેજીમાં) : ____________________ ____________________

ક. પિતા/પતિનું નામ (અંગ્રેજીમાં) : ____________________ ____________________

(2) અરજદારનું પુરું સરનામું (ગુજરાતી) :

____________________

____________________

____________________

____________________

E-mail Address : ____________________

પીનકોડ નંબર | | | | | | |

ફોન નંબર (STD CODE સહિત) : ____________ મોબાઈલ નંબર : ____________

(3) ફીની રકમ રૂા. 100 (જે તે વર્ષના પરિણામના 3 માસમાં અરજી કરે તો ફી લેવામાં આવતી નથી.)

અ. ડિમાન્ડ ડ્રાફ્ટથી મોકલી હોય તો ડી.ડી.નં. ____________ તા. ____________

બેંકનું નામ ____________ શાખાનું નામ ____________

બ. રોકડેથી બોર્ડમાં ભરી હોય તો રોકડ રસીદ નંબર ____________ તા. ____________

**ઉમેદવારની સહી**

(4) શાળાનું જનરલ રજિસ્ટર મેં જાતે તપાસ્યું છે અને ખાતરી કરી છે કે

(ઉમેદવારનું નામ) શ્રી ________________________________ ની જનરલ રજિસ્ટરમાં નોંધ નીચે પ્રમાણે છે.

અ. પૂરેપૂરું નામ (અંગ્રેજી કેપિટલ અક્ષરોમાં)

અટક : ________________________________

નામ : ________________________________

પિતા/પતિનું નામ : ________________________

બ. જનરલ રજિસ્ટર નંબર : ________________________________

(5) આથી પ્રમાણિત કરું છું કે, શાળાના જનરલ રજિસ્ટરમાં ભરેલી અસલ નોંધમાં અનધિકૃત રીતે કોઈ ફેરફાર કરેલો નથી.

(6) માહે માર્ચ/જુલાઈ __________ની એચ.એસ.સી. પરીક્ષામાં સદર પરીક્ષાર્થીએ બેઠક નંબર __________ કેન્દ્ર __________ પર પરીક્ષા આપી છે.

(7) પરીક્ષાના પ્રમાણપત્રો/ગુણપત્રકો તા. ______________ ના રોજ શાળાને મળ્યા હતા.

શાળાનો ધોરણ-12નો ઈન્ડેક્ષ નંબર

| | | | | |
|---|---|---|---|---|
| | | . | | |

જાવક નં. :

તારીખ : ......../........2025

**શાળાના આચાર્યની સહી તથા સિક્કો**

## ખાસ નોંધ :

(1) પ્રમાણપત્ર/ગુણપત્રકમાં જણાવેલી વિગતો શાળાના જનરલ રજિસ્ટર તેમજ એલ.સી. સાથે મળતી ના આવતી હોય તો જ સુધારો કરવામાં આવે છે. ઉપરોક્ત કોલમ-4 આચાર્યશ્રીએ પ્રમાણિત કરવાની રહેશે.

(2) એફીડેવીટ, મ્યુનિસિપલનો દાખલો તેમજ ગેઝેટની નકલ પરથી સુધારો કરવામાં આવતો નથી.

(3) નીચેના બિડાણ મોકલવા જરૂરી છે.

1. **ઉમેદવારનું અસલ ગુણપત્રક/પ્રમાણપત્રક**
2. ધોરણ-12ના એલ.સી.ની પ્રમાણિત કરેલી ઝેરોક્ષ નકલ.
3. ધોરણ-10ના એલ.સી. તેમજ તેની પ્રમાણિત કરેલી ઝેરોક્ષ નકલ.
4. એસ.એસ.સી. (ધોરણ-10)ના ગુણપત્રક તેમજ પ્રમાણપત્રની પ્રમાણિત કરેલી નકલ.
5. ઉમેદવારની ફી રસીદની નકલ સામેલ કરવી.
6. પરિણામના ત્રણ માસમાં નામ સુધારા કરવા માટેની રજૂઆત માટે કોઈ ફી લેવામાં આવતી નથી અને મૂળ ગુણપત્રક/પ્રમાણપત્ર રિપ્રિન્ટ કરી આપવામાં આવે છે.
7. સમય-મર્યાદા બહાર નામ સુધારા માટેની રજૂઆતો માટે રૂા. 100 ફી લેવામાં આવે છે અને ડુપ્લીકેટ ગુણપત્રક અને પ્રમાણપત્ર આપવામાં આવે છે.

(4) ધોરણ-10ના ગુણપત્રક/પ્રમાણપત્રમાં અને શાળાના જનરલ રજિસ્ટરમાં જે વિગત હોય તે વિગત મુજબનો સુધારો થઈ શકશે.

**તમામ પ્રવાહ માટે**

# પરિશિષ્ટ-4

## ઉત્તીર્ણ ઉમેદવારે મેળવેલ પરિણામ સુધારવા પુનઃ ઉપસ્થિત થવા માટેનું અરજીપત્રક

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાના વિનિયમો (સુધારેલા) 2005ના વિનિયમ 29(3) અન્વયે
(પરિણામ પ્રસિદ્ધ થયાના 120 દિવસ સુધીમાં જમા કરાવવું)

શાળાક્રમાંક : | | | • | | |

સ્થળ : ____________

તારીખ : ...../...../2025

પ્રતિ,
**નાયબ નિયામક (પરીક્ષા)**
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર નં. 10/બી, જૂના સચિવાલય પાસે, ગાંધીનગર.

**વિષય : ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પૂરક પરીક્ષા-2025 અન્વયે ઉત્તીર્ણ થયેલ પરિણામ જમા કરાવવા બાબત**

**મે. સાહેબ,**

સવિનય જણાવવાનું કે, મેં ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પૂરક પરીક્ષા-2025નાં નીચે જણાવેલ વિષયો સાથે ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા પાસ કરેલ છે. હું મારું મેળવેલ પરિણામ જમા કરાવીને માર્ચ-2026ની જાહેર પરીક્ષામાં ઉપસ્થિત થવા માગું છું.

1. ઉમેદવારનું પૂરેપૂરું નામ (અટક પ્રથમ) : ____________
2. ટપાલનું પૂરેપૂરું સરનામું : ____________
____________
____________ (STD CODE સહિત) ફોન નંબર : ____________
3. બેઠક નં. : ____________ 4. કેન્દ્રનું નામ અને કેન્દ્ર નંબર : ____________
5. ધોરણ 10નો બેઠક નંબર : ____________ પાસ કર્યાનું વર્ષ ____________ પ્રયત્ન ____________

| ક્રમ | વિષયનું નામ | મેળવેલ ગુણ | ક્રમ | વિષયનું નામ | મેળવેલ ગુણ |
|---|---|---|---|---|---|
| 1. | | | 6. | | |
| 2. | | | 7. | | |
| 3. | | | 8. | | |
| 4. | | | 9. | | |
| 5. | | | 10. | | |

ઉપર મુજબનું ઉત્તીર્ણ થયાનું પરિણામ સ્વીકારવા હું સંમત નથી. તો મારું પરિણામ પરત સ્વીકારી માર્ચ-2026 માટે પુનઃ ઉપસ્થિત થઈ ઉક્ત વિષયો સાથે મારું પરિણામ સુધારવા મંજૂરી આપશો. મને ઉક્ત વિષયોમાં મુક્તિ મળી શકશે નહીં તેમજ હું શાળામાં પુનઃ પ્રવેશ મેળવીશ નહીં અને માર્ચ-2026નું જે પરિણામ આવશે તે મને બંધનકર્તા રહેશે.

આ અરજી મેં મારા વાલીની સંમતિથી કરેલ છે. મારા વાલીએ સંમતિ બદલ નીચે તેમની સહી કરેલ છે.

સ્થળ : ____________ ઉમેદવારની સહી ____________

તારીખ :..../..../2025

ઉપર મુજબની મારા પુત્ર/પુત્રી/પાલ્યની અરજી મારી વિચારણાને અંતે રજૂ કરેલી છે. જેમાં હું સંમતિ દર્શાવું છું.

વાલીની સહી ____________

વાલીનું નામ ____________

જા.નં. ____________________

સ્થળ ____________________

તારીખ ......... / ......... / 2025

પ્રતિ,

**નાયબ નિયામક (પરીક્ષા)**
ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ,
ગાંધીનગર.

આથી હું પ્રમાણિત કરું છું કે, શ્રી ____________________ તેઓનો ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પૂરક પરીક્ષા-2025ના બેઠક નંબર ____________ નું પરિણામ સુધારા માટે પરિણામ જમા કરાવવાની અરજીમાં જણાવેલ વિગત સાચી છે. તેની મેં પ્રત્યક્ષ ચકાસણી કરી છે અને ઉક્ત ઉમેદવારની લેખિત રજૂઆત મુજબનું તેમનું પરિણામ રદ કરવા ભલામણ કરું છું. મજકુર ઉમેદવારનું અસલ ગુણપત્રક અને પ્રમાણપત્ર તેમજ L.C.ની ઝેરોક્ષ નકલ આ સાથે સામેલ રાખી મોકલી આપું છું. ઉક્ત ઉમેદવારે પૂરક પરીક્ષા-2025ની પરીક્ષામાં જ ઉત્તીર્ણ થયેલ છે. જેની ખાતરી આપું છું.

ધોરણ-12ની પરીક્ષાનો
શાળાનો ઇન્ડેક્ષ નંબર : | | | . | | |

તારીખ : ____________________

**શાળાના આચાર્યની સહી તથા સિક્કો**

**નોંધ :**
(1) **ઉમેદવારનું અસલ ગુણપત્રક અને પ્રમાણપત્ર તેમજ જો ઉમેદવારે ડુપ્લીકેટ ગુણપત્રક અને પ્રમાણપત્ર મેળવેલ હોય તો અરજી સાથે અવશ્ય રવાના કરવું.**
(2) **શાળા છોડ્યાના પ્રમાણપત્રની પ્રમાણિત ઝેરોક્ષ નકલ.**
(3) **આ ફોર્મ માત્ર નમૂનાનું છે. જરૂરી નકલો શાળાએ ઝેરોક્ષ કરાવી લેવી.**
(4) **ધોરણ 10 પાસ કર્યાના ગુણપત્રક / પ્રમાણપત્રની પ્રમાણિત નકલ.**
(5) **ધોરણ 12માં માર્ચ 2025માં રીપીટર ઉમેદવાર તરીકે ઉત્તીર્ણ થયેલ હોય તેવા ઉમેદવારોના અગાઉની ધોરણ 12ની પરીક્ષામાં ગુણપત્રકોની પ્રમાણિત નકલ.**

# પરિશિષ્ટ-5

## મેળવેલ ગુણ તૂટ ન સ્વીકારવા માટેનું અરજીપત્રક

| દરખાસ્ત નંબર | |
|---|---|
| | |

(પરીક્ષા વિનિયમ 40(4) મુજબ પરિણામ જાહેર થયાના
30 દિવસ સુધીમાં બોર્ડની કચેરીમાં અરજી સ્વીકારવામાં આવશે.)

**પ્રતિ,**
**નાયબ નિયામક (પરીક્ષા)**
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર નં. 10/બી, જૂના સચિવાલય પાસે, ગાંધીનગર.

શાળાક્રમાંક
સ્થળ : ________________
તારીખ : ...../...../2025

**વિષય : ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પૂરક પરીક્ષા-2025માં મેળવેલ ગુણની તૂટ ન સ્વીકારવા બાબત.**

**મે. સાહેબ,**

સવિનય જણાવવાનું કે, મેં ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પૂરક પરીક્ષા-2025માં નીચે જણાવેલા વિષયોમાં ખૂટતા ગુણની તૂટ મેળવીને નીચે દર્શાવેલ વિષયો સાથે ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા પાસ કરેલ છે.

1. ઉમેદવારનું પૂરેપૂરું નામ (અટક પ્રથમ) : ________________________________

2. ટપાલનું પૂરેપૂરું સરનામું : ________________________________

________________________________________________

________________________ (STD CODE સહિત) ફોન નંબર : ________________

3. બેઠક નં. : ________________________ 4. કેન્દ્રનું નામ અને કેન્દ્ર નંબર : ________________

| ક્રમ | વિષયનું નામ | મેળવેલ ગુણ | ક્રમ | વિષયનું નામ | મેળવેલ ગુણ |
|---|---|---|---|---|---|
| 1. | | | 6. | | |
| 2. | | | 7. | | |
| 3. | | | 8. | | |
| 4. | | | 9. | | |
| 5. | | | 10. | | |

ઉપર મુજબનું ખૂટતા ગુણ સાથેનું ઉત્તીર્ણ થવાનું પરિણામ સ્વીકારવા હું સંમત નથી. તો ખૂટતા ગુણની તૂટ રદ કરી સુધારેલ 'NI'નું પરિણામ જાહેર કરવા વિનંતી.

આ અરજી મેં મારા વાલીની સંમતિથી કરેલ છે. મારા વાલીએ સંમતિ બદલ નીચે તેમની સહી કરેલ છે.

સ્થળ : ________________ ઉમેદવારની સહી ________________

તારીખ :..../..../2025

ઉપર મુજબની મારા પુત્ર/પુત્રી/પાલ્યની અરજી મારી વિચારણાને અંતે રજૂ કરેલી છે. જેમાં હું સંમતિ દર્શાવું છું.

વાલીની સહી ________________

વાલીનું નામ ________________

જા.નં. ______________________

સ્થળ ______________________

તારીખ ......... / ......... / 2025

પ્રતિ,

**નાયબ નિયામક (પરીક્ષા)**
ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ,
ગાંધીનગર.

આથી હું પ્રમાણિત કરું છું કે, ગુણ તૂટ ન સ્વીકારવાની અરજી કરનાર ઉમેદવાર ______________________ બેઠક નંબર ______________________ દ્વારા ઉપરોક્ત જણાવેલ વિગત સાચી છે. તેની મેં પ્રત્યક્ષ ચકાસણી કરી છે અને ઉક્ત ઉમેદવારની લેખિત રજૂઆત મુજબનું તેમનું પરિણામ જાહેર કરવા ભલામણ કરું છું. સદર ઉમેદવારનું અસલ ગુણપત્રક અને પ્રમાણપત્ર આ સાથે સામેલ રાખી મોકલી આપું છું.

ઉમેદવારનો બેઠક નંબર ______________________

ધોરણ-12ની પરીક્ષાનો
શાળાનો ઇન્ડેક્ષ નંબર : | | | . | | | |

તારીખ : ______________________

**શાળાના આચાર્યની સહી તથા સિક્કો**

**નોંધ : (1) ઉમેદવારનું અસલ ગુણપત્રક અને પ્રમાણપત્ર તેમજ જો ઉમેદવારે ડુપ્લીકેટ ગુણપત્રક અને પ્રમાણપત્ર મેળવેલ હોય તો અરજી સાથે અવશ્ય રવાના કરવું.**

**(2) આ ફોર્મ માત્ર નમૂનાનું છે. જરૂરી નકલો શાળાએ ઝેરોક્ષ કરાવી લેવી.**

પત્રક્રમાંક : મઉમશબ/જી-સેલ/ગુ.ચ.પૂરક-2025
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.
તા. 17/07/2025

**પ્રતિ,**
આચાર્યશ્રીઓ/પ્રધાનાચાર્યશ્રીઓ (તમામ)

**વિષય : ઉચ્ચતર માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પૂરક પરીક્ષા-2025ની ગુણચકાસણીની અરજીઓ મોકલવાની કાર્યવાહી બાબત.**

ધોરણ-12, સામાન્ય પ્રવાહ ગુણચકાસણીની અરજીઓ માત્ર ONLINE માધ્યમથી જ મોકલવાની રહે છે. આ માટે આચાર્યશ્રી અથવા ઉમેદવાર જાતે બોર્ડની વેબસાઈટ **www.gseb.org** પર જઈ ગુણચકાસણીની અરજી કરી શકે છે. રૂબરૂ કે ટપાલથી અરજી કરવાની પદ્ધતિમાં અમલમાં નથી.

ગુણચકાસણી અર્થાત બોર્ડ દ્વારા લેવાયેલ વિષયોની પરીક્ષા સંબંધે એક કે તેથી વધારે વિષયમાં પોતાને મળેલ ગુણ બાબતે શંકા હોય તો તેની ચકાસણી કરાવવી. આમાં શાળા દ્વારા લેવાયેલ પરીક્ષાનો કે નામ અને જન્મતારીખના સુધારાનો સમાવેશ થતો નથી. અરજી કરવા બાબતે વિગતવાર સૂચનાઓ વેબસાઇટ પર મૂકેલ છે તેમ છતાં નીચે આપેલ મહત્ત્વના મુદ્દાઓ ધ્યાને લેવા વિનંતી છે.

(1) અરજી કરવા સારું **www.gseb.org** પર જઈ ગુણચકાસણી લખેલ બટન ક્લીક કરવું અને રજિસ્ટ્રેશન કરવું.

(2) ઉમેદવારનો બેઠક નંબર નાખવાથી તેની અન્ય વિગતો જોઈ શકાશે.

(3) જે વિષય માટે ગુણચકાસણી કરવાની છે તેની સામે ટીક કરવું (√ નિશાની)

(4) ગુણચકાસણીની ફી પ્રત્યેક વિષયના રૂ. 100 નક્કી કરાયેલ છે.

(5) ઓનલાઇન ગુણ ચકાસણીની અરજીની ફી બાબતની સૂચનાઓ ઓનલાઇન ઉપલબ્ધ કરવામાં આવશે.

(6) ગુણચકાસણીની અરજીઓ માટે પરિણામ જાહેર થયાના ત્રણ દિવસ પછીથી બોર્ડની વેબસાઈટ **www.gseb.org** મારફતે સૂચના આપવામાં આવશે અને ONLINE કાર્યવાહી શરૂ કરવામાં આવશે. જેની જાણ જાહેર માધ્યમો દ્વારા કરવામાં આવશે. કોઈપણ અરજી રૂબરૂ કે ટપાલ માધ્યમથી સ્વીકારવામાં આવશે નહીં, નિયત થયેલ આખર તારીખ પછી અરજી થઈ શકશે નહીં.

(7) ગુણચકાસણી પૂર્ણ થયેથી સુધારેલ પરિણામની વિગતો બોર્ડની વેબસાઇટ પર સીટ નંબરથી લોગ ઇન કરી જોઈ શકાશે.

**નાયબ નિયામક પરીક્ષા**
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

**નકલ રવાના :** જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (તમામ)